INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૨૮–૦૩–૨૦૨૫**

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે એ.આઈ.સી.સી.ના લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શાહનવાઝ શેખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતુ કે, રાજ્યસભાના સાંસદ અને લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ઈમરાન પ્રતાપગઢી પર જામનગર ખાતે એક ખોટી એફ.આઈ.આર. ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી હતી તેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી, પરંતુ હાઈકોર્ટથી રાહત મળી નહોતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં એફ.આઈ.આર. રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી જે આજરોજ સુપ્રીમ કોર્ટ દ્વારા આ એફ.આઈ.આર. રદ કરવામાં આવી છે.

જામનગર ખાતે એક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમા રાજ્યસભાના સાંસદ અને લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ઈમરાન પ્રતાપગઢીએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમના અનુસંધાનમાં એક વિડીયો ઈન્સ્ટાગ્રામ પર ઈમરાન પ્રતાપગઢી દ્વારા અપલોડ કરવામાં આવ્યો હતો, જેના બેકગ્રાઉન્ડમાં એક કવિતાનું ગીત રાખવામાં આવ્યું હતું, આ ગીતના શબ્દો પર આપત્તિ દર્શાવી ગુજરાત પોલીસ દ્વારા એફ.આઈ.આર. કરવામાં આવી હતી.

આ તમામ પ્રકરણમાં આજરોજ સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી સાથે એફ.આઈ.આર. રદ કરેલ છે, સુપ્રીમ કોર્ટે કહ્યું, દેશની આઝાદીને ૭૫ વર્ષ થઈ ગયાં છે તો પણ ફ્રીડમ ઓફ સ્પીચ અને એક્સપ્રેશનને રક્ષણ કેમ નથી મળી રહ્યું ? દેશમાં ફિલ્મો, કવિતા, નાટક, હાસ્ય તમામને બંધારણની કલમ ૧૯(૧)(એ) મુજબ રક્ષણ પ્રાપ્ત છે અને આલોચનાને પણ સકારાત્મક તરીકે લેવાની જરૂર છે. વધુમાં શાહનવાઝ શેખએ જણાવ્યુ હતુ કે સમગ્ર ભારતમાં ખાસ કરીને

કોંગ્રેસના નેતાઓ પર ખોટી પોલીસ ફરિયાદો કરવામાં આવી રહી છે, પરંતુ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી ચૂક્યા છે તો ભાજપ સરકાર આવા ખોટા કેસો કરી ડરાવવાનો પ્રયાસ ન કરે. કોંગ્રેસ પક્ષ બંધારણ અને કાયદા વ્યવસ્થામાં વિશ્વાસ રાખે છે અને એક સશક્ત વિપક્ષ તરીકે પ્રજાના પ્રશ્નોની લડાઈ લડશે.

(પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146